સંક્ષિપ્ત સમાચાર

VYO-વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા કાલોલની શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓને બ્લેન્કેટ વિતરણ કરાયુ

કાલોલ : વ્રજરાજકુમાર મહોદયની પ્રેરણાથી તથા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) તેમજ વ્રજધામ આધ્યાત્મિક સંકુલ વડોદરા ના સહયોગથી તારીખ 19 ના રોજ કાલોલના શ્રી સિદ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિરના 40 જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને બ્લેન્કેટ વિતરણ કરાયા હતા જેમાં પંચમહાલ VYOના પ્રભારી સુભાષભાઈ મહેતા તથા સહ પ્રભારી સતિષભાઈ શાહ તેમજ કાલોલ તાલુકા કારોબારી સભ્ય નરેશભાઈ શાહ તથા સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી હર્ષદભાઈ જોશી અને શાળાના આચાર્ય રીતેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

સુથારવાસા ખાતે ગોવિંદ ગુરૂ મહારાજની મૂર્તિનું અનાવરણ આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવ્યું

દાહોદ : સુથારવાસા ખાતે સાતશેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની સામે ગોવિંદ ગુરૂ મહારાજ ની પ્રતિમા નુ અનાવરણ આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા પૂજા અર્ચના કરી ફૂલોનો હાર પહેરાવીને સભાને સંબોધી ગામના આગેવાન મથુરભાઈ એ કહ્યું ગામના તમામ લોકો ને આવકાર્યા ગોવિંદ ગુરૂ મહારાજ ના જયકારો બોલાવ્યો તેમણે ડૉ બાબા સાહેબ આંબેડકર વિશે કહ્યું આ મહાન નેતા પણ આપણા માટે ખૂબ લડત લડી સહિત થઈ ગયા. આ ધરતી પર ગોવિંદ ગુરૂ પણ શહીદ થઈ ગયા એમની ધૂણી કંબોઈ ખાતે આવેલી છે. સંઘર્ષ એ આદિવાસી સમાજની ઓળખ છે.આદિવાસી હોવુ એટલે સતત લડતા રહેવુ, આ લડાઈ માત્ર વ્યક્તિગત નથી પણ આપણા જળ, જંગલ અને જમીનને બચાવવાની સામૂહિક લડાઈ છે.

હાલોલ નગરના એક જ દિવસે ત્રણ જગ્યાએથી બે સાપ અને વાઈટ આઈબીસનું રેસ્ક્યુ

હાલોલ : મળતી માહિતી મુજબ સિદ્ધાંત જીવદયા ટીમ હાલોલ પંથક માથી ત્રણ અલગ અલગ જગ્યાએ થી રેસ્ક્યુ કર્યુ જેમા કંજરી રોડ પર આવેલ સરસ્વતી સ્કુલ પાછડ આવેલ ક્રિકેટ બોક્સ માથી ધામન સાપ નુ રેસ્ક્યુ કર્યુ અને ત્યારબાદ હાલોલ જી.આઈ.ડી.સી વિસ્તાર માથી કંપની ના કમ્પાઉન્ડ માથી કોબ્રા સાપ નુ દિલધડક રેસ્ક્યુ કર્યુ અને આ બનેય સાપ ને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ સતીષભાઈ બારીયા ની જાણકારી અને માર્ગદર્શન મુજબ માનવ વસવાટ થી દુર જંગલ વિસ્તાર મા રીલીજ કર્યા અને હાલોલ ગૌધરા બાયપાસ રોડ પર આવેલ તનનુ હોટલ પાસે પતગ ની દોરી મા ફસાયેલ વાઈટ આઈબિસનુ સિદ્ધાંત જીવદયા ટીમ ના જયરાજસિહ સિસોદયા દ્વારા રેસ્ક્યુ કરવામા આવયુ અને સારવાર દવા કરાવી વાઈટ આઈ બીસ ને પણ હે મ ખેમ રીતે સિદ્ધાંત જીવ દયા ટીમ દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવી.

દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસનો દાહોદ કસ્બામાં સપાટો

મટન માર્કેટની સામે દુકાનમાં છાપો મારી 250 કિલોગ્રામ પશુ માંસ ઝડપ્યું

સેમ્પલ લઈ ચકાસણી માટે એફ એસ એલ સુરત ખાતે મોકલી આપ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં આવેલ મટન માર્કેટની સામેની મટનની એક દુકાનમાં દાહોદ ડિવિઝન પોલીસે ઓચિંતો છાપો મારી ૨૫૦ કિલોગ્રામ પશુ માંસ પકડી પાડી કસ્બાના બે વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધ્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ કસ્બામાં આવેલ મટન માર્કેટની સામેની બાજુના વણકરવાસમાં રહેતા સબ્બીર રજબ કુરેશી અને નવસાદ ઈસુબ ભાઈ ને ત્યાં કસ્બની દુકાનમાં ગૌમાંસ વેચાતું હોવાની બાતમી મળતા દાહોદ એ ડિવિઝન પોલીસની ટીમે ગઈકાલે બપોરના સાડા બાર વાગ્યાના સુમારે દાહોદ કસ્બા, મટન માર્કેટની સામે આવેલ શબ્બીર રજબ કુરેશી અને નવસાદ ઈસુબભાઈ કુરેશીની બાતમીમાં દર્શાવેલ દુકાનમાં ઓચિંતો છાપો મારી દુકાનમાંથી રૂપિયા ૨૫,૦૦૦/- ની કિંમતનું સદર માંસ ગૌમાંસ છે કે નહીં તેની ચકાસણી માટે સેમ્પલ લેવા વેનેટરી ડોક્ટરને સ્થળ પર બોલાવ્યાં હતાં. જ્યાંથી વેનેટરી ડોક્ટરે દુકાન માંથી પકડેલ માંસમાંથી ૨૫૦-૨૫૦ ગ્રામ માંસ પ્લાસ્ટિકની ત્રણ બોટલોમાં ભરી પ્લાસ્ટિકની ત્રણે બોટલો કાપડ થી સીલ કરી તે સેમ્પલ ચકાસણી માટે એફએસએલ સુરત ખાતે મોકલી આપ્યા છે. હજુપણ આગામી દિવસોમાં આ જ રીતે પોલીસનો સપાટો ચાલુ રહેશે અને માંસ મટન વેચનારા વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવશે જે બાબતે દરેક આવા વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કાલોલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી

બોગસ લગ્ન નોંધણી કાંડ પોલીસે સાંભળ્યું નહીં, કોર્ટમાં પહોંચી પીડિતા

લગ્નના સોગંદનામા અને દસ્તાવેજો અડધા-કોરા હોવાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

કાલોલના રાણાવાસ વિસ્તારમાં રહેતી અંજલી સુરેશભાઈ રાણા દ્વારા બોગસ લગ્ન રજીસ્ટર કરાવવાના ગંભીર મામલે કાલોલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. યુવતીએ જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા કલેક્ટર, ગૃહમંત્રી તેમજ કાલોલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી હોવા છતાં કાર્યવાહી ન થતાં, વડોદરાના એડવોકેટ નીરજ જૈન મારફતે કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. ફરિયાદ મુજબ આરોપી હાર્દિક અશોકભાઈ રાણા અને તેના બે મિત્રો ઘનશ્યામભાઈ પ્રદીપભાઈ કાછીયા તથા ઉતમ ભોગીલાલ કુશવાહ, સાથે ગોર મહારાજ નરેશ રતીલાલ પુરોહિત, ઘુંડી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને ગોધરાના એડવોકેટ-નોટરી સહિત કુલ છ ઈસમોએ કાવતરું રચ્યું હતું. યુવતી સાથે કોઈપણ પ્રકારનું લગ્ન ન થયા હોવા છતાં 11/03/2024ના રોજ ઘુંડી, તા. ઠાસરા ખાતે લગ્નનું સર્ટિફિકેટ તૈયાર કરાયું હોવાનો આક્ષેપ છે. યુવતીએ જણાવ્યું છે કે મિત્રતાનો લાભ લઈ આરોપીએ ખોટી સમજ આપી દસ્તાવેજો મેળવી લીધા અને નોટરી સાથે સાંઠગાંઠ કરી કોરા સોગંદનામા પર સહીઓ કરાવી હિંદુ વિધિથી લગ્ન થયાનું ખોટું દર્શાવવામાં આવ્યું. પીડિતાએ ક્યારેય ગોધરા કે ઠાસરા જઈ એફિડેવિટ કરી નથી અને લગ્ન કરાવનાર બ્રાહ્મણને ઓળખતી પણ નથી. કાલોલ કોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્ટે સાક્ષી પુરાવા માટે આગામી 22 જાન્યુઆરીની તારીખ નક્કી કરી છે. પીડિતા આગામી સમયમાં કોર્ટ સમક્ષ વિગતવાર નિવેદન આપશે તેમ એડવોકેટ નીરજ જૈને જણાવ્યું છે.

દાહોદમાં ખોટી હકીકત સોગંદનામામાં દર્શાવી મરણનો દાખલો મેળવનાર સામે ફરિયાદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

પોતાનો મેલો ઈરાદો પાર પાડવા ખોટી હકીકત સોગંદનામામાં દર્શાવી તમામ કાગળોનો દુરુપયોગ કરી દાહોદ નગરપાલિકામાં જન્મ-મરણ વિભાગના સબ રજીસ્ટ્રારની સરકારી કચેરીમાં રજૂ કરી મરણનો દાખલો મેળવ્યો હોવાનો તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થતાં આ મામલે દાહોદ રળીયાતીના એક વ્યક્તિ સામે પોલીસમાં ફરિયાદ થયાનું સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ રળીયાતી ખાતે અર્બન હોસ્પિટલ પાસે આવેલ શાંતિનગરમાં રહેતા અમરસિંહ રેવલાભાઈ કટારાની ફોઈ બુદીબેન સુમલાભાઈ પરમાર તારીખ ૧૭-૮-૨૦૨૩ ના રોજ મરણ પામી હતી. અને તેઓનો મરણનો દાખલો નરેશભાઈ રતનભાઈ પરમારે દાહોદ નગરપાલિકામાંથી મેળવી લીધો હતો. આ હકીકત અમરસિંગ રેવલાભાઈ કટારા સારી રીતે જાણતા હતા. તેમ છતાં વિશ્વાસઘાત અને ઠગાઈ કરવાનો મેલો ઈરાદો પાર પાડવા તેણે બીજી વખત તારીખ ૨૬-૯-૨૦૨૫ના રોજ રામનગર સોસાયટી દાહોદ ખાતે મરણ ગયેલ હોવાની ખોટી હકીકત દર્શાવતી અરજી તથા અરજીમાં સાક્ષી તરીકે ખોટા અંગૂઠા સહી કરાવી અરજી સાથે આધારકાર્ડ તથા તારીખ ૨૬-૯-૨૯૨૫ ના રોજ અંતિમ વિધિ કરવા માટે લાકડા ખરીદ કરેલાની પહોંચ તથા તારીખ ૨૯-૧૦-૨૦૨૫ ના રોજ નોટરી રૂબરૂમાં મરણ જનાર પોતાના સગા ફોઈ થાય છે અને તેઓનું ભરણપોષણ પોતે કરતા વગેરે ખોટી હકીકત સોગંદનામામાં દર્શાવી વિશ્વાસઘાત અને ઠગાઈ કરવાના ઈરાદે ખોટા દસ્તાવેજો ઊભા કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી તમામ કાગળોનો દુરુપયોગ કરી દાહોદ નગરપાલિકાના જન્મ મરણ વિભાગના સબ રજીસ્ટ્રાર પિંકલ કુમાર આર નગરાળાવાળા સમક્ષ રજુ કરી મરણનો દાખલો મેળવ્યો હોવાનો ચોકાવનારો ઘટસ્ફોટ ઝીણવટ ભરી તપાસ દરમિયાન થતા આ સંબંધે દાહોદ નગરપાલિકાના જન્મ-મરણ વિભાગના સબ રજીસ્ટ્રાર પિંકલકુમાર આર નગરાળા વાળાએ દાહોદ રળીયાતી અર્બન હોસ્પિટલ પાસે શાંતિનગરમાં રહેતા અમરસિંહ રેવલાભાઈ કટારા વિરુદ્ધ દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૭, ૨ ૨૯,૨૩૩, ૨ ૩ ૫, ૨ ૩ ૬ ૩૩૬(૩),૩૩૭, ૩૪૦ મુજબનો ગુનો નોંધ્યો છે.

ઝાલોદ ડીવાયએસપી કચેરી ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

સંજેલી પોલીસે 'તેરા તુઝકો અર્પણ' હેઠળ 2.16 લાખના 10 ચોરાયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.19

ઝાલોદ ડીવાયએસપી કચેરી ખાતે ઝાલોદ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડી આર પટેલના અધ્યક્ષસ્થાને 'તેરા તુઝકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો.

સંજેલી પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલા અને ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી કાઢીને તેના મૂળ માલિકોને પરત સોંપવાની પ્રશંસનીય કામગીરી કરાઈ ગુજરાત સરકારના 'તેરા તુઝકો અર્પણ' અભિયાન અંતર્ગત પોલીસે લાખોની કિંમતના મોબાઈલ ફોન નાગરિકોને પરત આપ્યા સંજેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.બી. પરમારના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ હરપાલસિંહ દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

સમગ્ર કામગીરી દરમિયાન ગુજરાત સરકારના CEIR પોર્ટલનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો પોર્ટલના માધ્યમથી મોબાઈલ ફોનનું લોકેશન ટ્રેસ કરી તેને સફળતાપૂર્વક રિકવર કરાયા પોલીસે અંદાજે 2,16,000 કિંમતના કુલ 10 મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા પોતાના ખોવાયેલા કે ચોરાયેલા કિંમતી મોબાઈલ ફોન પરત મળતા નાગરિકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો નાગરિકોએ સંજેલી પોલીસની ત્વરિત, પારદર્શક અને અસરકારક કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

દાહોદમાં રૂપિયા પોણા બે લાખની કિંમતની ત્રણ બાઈકોની ઉઠાંતરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં ગઈ કાલે રાતે ત્રાટકેલ બાઈક ચોર ટોળકીએ પોતાનો કસબ અજમાવી સાનિધ્ય એપાર્ટમેન્ટની બાજુમાં ખુરશીલ ટાવરની સામે રહેતા અને મેડિકલમાં અભ્યાસ કરતા ભાવિનભાઈ રમેશ ભાઈ અજેડીયાની તેમના ઘરની આગળ સ્ટેયરિંગ લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૮૦,૦૦૦/-ની કિંમતની ગન મેટલ મે કલરની જીજે ૨૦એ આર-૯૯૦૦ નંબરની બુલેટ હેમાંગ પટેલની તેમનાં પરની આગળ સ્ટેયરિંગ લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૨૫,૦૦૦/-ની કિંમતની મોટરસાયકલ તથા બળવંતભાઈ દેવાભાઈ ગોહિલની તેમના પર આગળ સ્ટેયરીંગ લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૭૦, ૦૦૦/ની કિંમતની યામાહા મળી રૂપિયા ૧,૭૫,૦૦૦/-ની કુલ કિંમતની ત્રણ મોટરસાયકલો ચોરીને લઈ ગયા હતા.

ફતેપુરાના કરોડિયામાં દલિતોની જમીન પચાવવા પોલીસ તંત્રના દુરુપયોગનો આક્ષેપ

ગેરકાયદે બાંધકામનો વિરોધ કરતી ત્રણ મહિલાઓને પોલીસ ઉઠાવી ગઈ હોવાની ફરિયાદ

(પ્રતિનિધિ) સુખસર, તા. 19

ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વ ગામમાં દલિત સમાજની જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેવા માટે પોલીસ તંત્રનો દુરુપયોગ થતો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. દલિત મૂળ જમીન માલિક દ્વારા કલેક્ટર દાહોદ, ફતેપુરા પોલીસ સ્ટેશન, ડી.વાય.એસ.પી ઝાલોદ તથા પોલીસ મહાનિર્દેશક ગાંધીનગરને લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરવામાં આવી છે. રજૂઆત મુજબ કરોડિયા પૂર્વ ગામે રહેતા કાંતિભાઈ કોયાભાઈ ચમારની વારસાઈ ખેતીની જમીન (રે.સ.નં. 100) માં તેમના રહેણાંક મકાનો તથા અવરજવરનો રસ્તો આવેલો છે. આ રસ્તાની બાજુમાં વર્ષોથી એક મંદિર પણ સ્થિત છે. આરોપ છે કે ફતેપુરા-બલૈયા રોડ વિસ્તારના ત્રણ ઈસમોએ દલિત માલિકોની જાણ બહાર ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી જમીન પડાવી લેવાનો પ્રયાસ કર્યો છે. આ ખોટા દસ્તાવેજના આધારે પોલીસ દ્વારા રસ્તાનો ઉપયોગ બંધ કરાવવા અને મંદિર દૂર કરવા દબાણ કરાયું હોવાનું જણાવાયું છે. વિરોધ કરાશે તો જેલમાં પૂરવાની ધમકીઓ આપવામાં આવી હોવાનો પણ આક્ષેપ છે. નોંધનીય છે કે જમીન વિવાદ હાલ કોર્ટમાં વિચારાધીન છે.

દાહોદ LCBનો કતવારા બોર્ડર પર સપાટો

આઈસર ટ્રકમાં સંતાડેલો રૂ.35.35 લાખનો વિદેશી દારૂ-બીયર જથ્થો ઝડપી બે આરોપીની ધરપકડ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારના ગુજરાત-મધ્યપ્રદેશ બોર્ડર ખાતે આવેલી ખંગેલા ચેક પોસ્ટ પરથી દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે.

આઈસર ટ્રકમાં પ્લાસ્ટિક વેસ્ટ ભરેલ થેલાઓની આડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની પેટીઓની હેરાફેરી થતી હોવાની ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. ટીમે વ્યુહાત્મક આયોજનબદ્ધ વોચ ગોઠવી તપાસ કરતા કુલ રૂ.૩૫,૩૫,૭૯૨/- ના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશ રાજ્યના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ના દાહોદ દ્વારા જિલ્લામાં પ્રોહીબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાવી તેને સદંતર નેસ્તનાબુદ કરવા માટે લીસ્ટેડ પ્રોહી બુટલેગરો તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા ઈસમો ઉપર કડક વોચ રાખવા તથા પરિણામલક્ષી કાર્યવાહી કરવા એલ.સી.બી. ટીમને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

જેના અનુસંધાને એલ.સી.બી. સ્ટાફની જુદી-જુદી ટીમો સતત પેટ્રોલિંગ અને માહિતી સંકલનની કામગીરીમાં કાર્યરત હતી. આજરોજ પો.ઈન્સ. એસ.એમ. ગામેતીની સૂચના મુજબ પો.ઈન્સ. ડી.આર. બારેયા, પો.સબ ઈન્સ. આર.વી. રાઠોડ, પો.સબ ઈન્સ. એન.બી. પરમાર તથા એલ.સી.બી. ટીમ કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારના ખંગેલા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકિંગમાં હતી.

તે દરમ્યાન બાતમી મળેલ કે આઈસર ટ્રક રજી. નં. MP-09-GG-0587 માં ઈંગ્લીશ દારૂ ભરેલ છે, જે મધ્યપ્રદેશ બાજુથી ગોધરા તરફ જઈ રહ્યો છે. જેના આધારે ટ્રક અટકાવી તપાસ કરતા પ્લાસ્ટિક વેસ્ટના થેલાઓની આડમાં વિદેશી દારૂ તથા બીયરની મોટી જથ્થાબંધ હેરાફેરી ઝડપી પાડી છે.

દારૂના કેસમાં જપ્ત કરાયેલો વ્યાપારી મુદ્દામાલ મુક્ત કરવા દાહોદ કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદની નામદાર 3rd એડિશનલ સીનિયર સિવિલ એન્ડ એ.સી.જે.એમ. કોર્ટે એક કાયદાકીય લડતમાં મહત્વનો ચુકાદો આપીને સુરત ગુડ્સ ટ્રાન્સપોર્ટ કંપનીનો જપ્ત કરાયેલ લાખોની કિંમતનો સામાન મુક્ત કરવાનો આદેશ કર્યો છે.તાજેતરમાં કતવારા પોલીસ સ્ટેશન દ્વારા એક વાહન (HR-55-AQ-2373) માંથી દારૂનો જથ્થો પકડવામાં આવ્યો હતો. આ વાહનમાં દારૂની સાથે પ્રખ્યાત કંપની ગ્રેસીમ ઈન્ડસ્ટ્રીઝ લી. ના 'બિરલા ઓપસ' બ્રાન્ડના કલર શેડ કાર્ડ્સના અંદાજે ૭૧૫ થી વધુ બોક્સ પણ હતા, જેની બજાર કિંમત આશરે રૂ. ૭.૧૫ લાખ જેટલી થાય છે. પોલીસ દ્વારા દારૂની સાથે આ કાયદેસરનો વ્યાપારી સામાન પણ મુદ્દામાલ તરીકે જપ્ત કરી લેવામાં આવ્યો હતો. કાયદાકીય લડતઃ ટ્રાન્સપોર્ટ કંપની વ તી અધિકૃત પ્રતિનિધિ શ્રી ભાવિકકુમાર પુરસોત્તમભાઈ સોની એ આ મુદ્દામાલ છોડાવવા માટે સુવિખ્યાત એડવોકેટ શ્રી ઈમરાન બ શી ર પઠાણ મારફતે કોર્ટમાં અરજી (CRMA J/1332/2025) દાખલ કરી હતી. એડવોકેટ શ્રી ઈમરાન બશીર પઠાણ દ્વારા કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી કે, આ સામાન કાગળનો બનેલો હોવાથી પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં રહેવાથી ઠંડી અને ભેજને કારણે નાશ પામી શકે તેમ છે.

હાલોલ ન.પાલિકા દવારા ધનકચરાના નિકાલને બદલે ખાડો ખોદી ભ્રષ્ટાચાર આચર્યાની રાવ

(પ્રતિનિધિ) હાલોલ, તા.19

હાલોલ ન.પાલિકા દવારા ધન કચરા સાઈટ પર લેગાસી વેસ્ટ ની કામગીરી માં આચરેલ ગેરરીતી અંગેની જાણ થતા. સાથે ડમ્પીંગ સાઈટ ખાતે દોડી આવેલ ન.પાલિકા ની વહીવટી ટીમ દવારા પંચકયાસ કરી ને હાલોલ ન.પાલિકા ના ચીફ ઓફિસર ને અહેવાલ સુપ્રત કર્યો હતો.આ સંદર્ભમાં એજન્સી ના સંચાલકો સામે ગેરકાયદે માટી ખનન અને ધન કચરા ના આડેધડ નિકાલ કરવાના કરતુકો સામે કાયદેસર ફરીયાદ કરવાના બદલે આ મુદ્દા ને પાલિકા ની સભા મા ઠરાવ માટે લાવવામાં આવતા પાલિકા ના સદસ્યો મા પણ ગંભીર આશ્ચર્ય સર્જાયુ હતુ.

હાલોલના પાવાગઢ રોડ ઉપર ધન કચરાની સાઈટ આવેલ છે આ લીગસી વેસ્ટ ના નિકાલ માટે હાલોલ ન.પાલિકા દવારા અમદાવાદ સ્થિત અથર્વ એસોસિએટ ને કામ સુપ્રત કરવામા આવ્યુ હતુ. આ અથર્વ એસોસિએટ ઈજારદાર એજન્સીના સંચાલકો દવારા લીગસી વેસ્ટનો નિકાલ ટેન્ડરની શરતો પ્રમાણે કરવાના બદલે ધન કચરાની સાઈટ પાસે ની ખુલ્લી જગ્યા મા જે.સી. બી. અને હિટાચી મશીનો લગાડી ને ઉડો ખાડો ખોદીને એમાંથી નીકળેલ અંદાઝે ૨૦૦ ડમ્પરો જેટલો મારી નો જંગી જથ્થો કોઈ અન્ય જગ્યા પર સગે વગે કરી મ માટી પુરાણ મા વેચી ને લાખ્ખો રૂપિયા ની રોકડી કરી લીધી હોવાની ચર્ચાએ નગરમાં જોર પકડ્યું છે .અને ગેરકાયદે માટી ખનન કર્યા બાદ આ ખાડા મા ધન કચરા ના ઢગલા માંથી લિગસિ વેસ્ટ નાખી દઈ ને એના ઉપર માટી પાથરી ને લેવલીંગ કરી ને આ કૌભાંડ ના કરતુકોને છુપાવવાના પ્રયાસો કર્યા હતા. જેમાં અમદાવાદના ઈજારદાર એજન્સી દવારા ધન કચરાના ઢગલાની બાજુમા ૬૦ મીટર લાંબો અને ૪૫ મીટર પહોળો સાત મીટર સુધી ઉડાઈ નો ખાડો ખોદીને તેમાંથી માટી કાઢી ને સગેવગે કર્યા બાદ આ ખોદવામાં આવેલા ખાડામા લીગસી વેસ્ટનુ પુરાણ કર્યા બાદ ઉપર માટી નાખીને લેવલીંગ કરવામાં આવ્યુ હોવાની સ્પષ્ટ ગંભીર નોંધ લેવામાં આવી હતી. તેમ છતાં પણ કોઈ નકકર ઈજારદાર એજન્સી સામે કાર્યવાહી ન કરતા નગરમાં આ મુદ્દો ચર્ચા નો વિષય બન્યો છે.

તાઈકવાંડો ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

મૂળ કાલોલના વતની અને હાલ ગાંધીનગર સચિવાલયમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો.હેતાર્થ અવિનાશ પંડ્યાની પુત્રી જૈવી પંડ્યાએ તેમના કોચ પ્રગ્રેશ મેસરીયાના માર્ગદર્શન હેઠળ ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે તા. ૧૬થી ૧૯ જાન્યુઆરી દરમિયાન યોજાયેલ ૮મી ઈન્ટરનેશનલ તાઈકવાંડો ચેમ્પિયનશિપમાં જુનિયર લેવલ ૨૯ કિ.ગ્રા.થી ૩૨ કિ.ગ્રા.માં બ્રોન્ઝ મેડલ જીતી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે. તથા હાલની પરિસ્થિતિમાં દીકરીઓના બૌધિક વિકાસ સાથે શારીરિક રીતે સક્ષમ બનાવવાના પ્રયાસો માટે પ્રેરણા આપનાર તેમના માતા- પિતાને અને વિજેતા દીકરીને કાલોલ બ્રહ્મ સમાજે અભિનંદન પાઠવ્યા હતાં.